Wednesday
03.06.2026
*Volume :10 *Issue No.327
*Email.: kamalamgujarat@gmail.com
*www.kamalamgujarat.com
*Editor :Mahesh N. Patel:- (98249 10606)

જય જય ગરવી ગુજરાત — વંદે માતરમ્

# કમલમ્

KAMALAM — ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક — Daily

RNI No.:GUJGUJ/2016/73451

*Office: A-3, Plot No. R - 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 *Page :04*Rs. 00.25/- *Annual Rs. 90/-

# રાજ્યના કૃષિ અને ખેડૂત કલ્યાણ વિભાગમાં ૪૧૫ યુવા કર્મયોગીઓનો નવો વર્ક ફોર્સ જોડાયો

**પ્રવર્તમાન સ્થિતિમાં આત્મનિર્ભરતા માટે ખાતરનો ઓછો ઉપયોગ અને પ્રાકૃતિક ખેતી તરફ ખેડૂતોને વાળીને અનેક લોકોને સ્વાસ્થ્ય પ્રદ જીવનનો મોટો લાભ આપવાની ઈશ્વરીય તક નવનિયુક્ત યુવાઓને મળી છેઃ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ**

કમલમ્,

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યના કૃષિ અને ખેડૂત કલ્યાણ વિભાગમાં નવી નિમણૂંક મેળવી રહેલા યુવાઓને ગાંધીનગરમાં યોજાયેલા સાદગી પૂર્ણ છતાં ગૌરવશાળી સમારોહમાં નિમણૂંક પત્રો એનાયત કર્યા હતા. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વર્તમાન વૈશ્વિક પરિસ્થિતિમાં દેશવાસીઓને કરેલી અપિલનો પ્રતિસાદ આપતા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલની પ્રેરણાથી આ નિમણૂંક પત્ર વિતરણ અન્વયે ગાંધીનગરમાં પ્રતિક રૂપે ૨૧ યુવાઓને નિમણૂંક પત્ર એનાયત કરવામાં આવ્યા હતા. સમગ્રતયા રાજ્યભરના ૪૧૫ યુવાઓ ખેતી મદદનીશ તરીકે પસંદગી પામ્યા છે તેમને ઈ-મેઈલ દ્વારા નિમણૂંકપત્રો પહોંચાડવામાં આવ્યા છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્ય સરકારમાં નવા જોડાઈ રહેલા આ યુવા વર્કફોર્સને પ્રેરણા આપતા કહ્યુ કે, વર્તમાન વૈશ્વિક સ્થિતિમાં આત્મનિર્ભરતા માટે ખાતરનો ઓછો ઉપયોગ અને પ્રાકૃતિક ખેતી તરફ ખેડૂતોને વાળીને અનેક લોકોને સ્વાસ્થ પ્રદ જીવનનો મોટો લાભ આપવાની ઈશ્વરીય તક તમને મળી છે. આ સંદર્ભમાં મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ખાતરની અછતના પરિપ્રેક્ષમાં આયાત ઘટાડવા, પ્રાકૃતિક ખેતી અપનાવવા અને કાયમી રીતે આત્મનિર્ભર થવાની જે અપિલ કરી છે તેને વધુને વધુ ખેડૂતો સુધી પહોંચાડવાનું દાયિત્વ નવનિયુક્ત યુવાઓના શિરે છે. તેમણે યુવા ઉમેદવારોને આ સંવેદનાસ્પર્શી અવસરને તક તરીકે ઝડપી લેવાનું આહવાન કરતાં કહ્યું કે, તેમની લાંબી કારકિર્દીની શરૂઆતમાં જ જે સેવાતક મળી છે તેને કાર્યપદ્ધતિમાં વૈવિધ્યતા, ટેકનોલોજીનો યોગ્ય ઉપયોગ અને પોતાની જાતને સતત અપગ્રેડ કરતા રહીને ખેડૂતોને મદદરૂપ થવાની નૈતિક જવાબદારીરૂપે યુવા ઉમેદવારો સુપેરે અદા કરે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે વિકસિત ભારતના નિર્માણના ચાર પિલ્લરમાંના એક પિલ્લર એવા ખેડૂતને યોગ્ય માર્ગદર્શન, મદદ અને સહાય પહોંચાડીને વિકસિત ભારત માટે વિકસિત ગુજરાત-આત્મનિર્ભર ગુજરાત માટે સેવારત રહેવા નવનિયુક્ત ઉમેદવારોને અનુરોધ કર્યો હતો. કૃષિ મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીએ નવનિયુક્ત ઉમેદવારોને અભિનંદન પાઠવતા જણાવ્યું કહ્યું હતું કે, રાજ્ય સરકારની પારદર્શક નીતિને કારણે આજે યુવાનો કોઈપણ પ્રકારના વચેટિયા કે ભલામણ વગર માત્ર જાતમહેનત અને મેરિટના આધારે સરકારી સેવામાં જોડાઈ રહ્યા છે. નવનિયુક્ત ઉમેદવારોને 'કર્મયોગી' તરીકે સંબોધતા કૃષિ મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું હતું કે, કૃષિ ક્ષેત્ર એ સમગ્ર દેશના અર્થતંત્રનો પાયો છે અને કૃષિ વિભાગમાં જોડાવાની તક એ ખેડૂતોની સેવા માટેની ઉત્તમ તક છે. તેમણે યુવાનોને અનુરોધ કર્યો હતો કે, રાજ્ય સરકારની વિવિધ ખેડૂત હિતલક્ષી યોજનાઓના લાભ છેવાડાના ખેડૂત સુધી પહોંચાડવા એ તમારા સૌની પ્રાથમિક જવાબદારી છે.

ખેડૂત હિતના કાર્યો એ માત્ર નોકરીનો ભાગ નથી પણ એક પરોપકારનું કાર્ય છે, જેનો સંતોષ ઈશ્વરીય કાર્ય જેટલો જ મોટો છે. કૃષિ મંત્રીશ્રીએ વર્તમાન સમયની જરૂરિયાત સમજાવતા 'ખેતી બચાઓ અભિયાન' અંગે વાત કરતા તેમણે જણાવ્યું હતું કે, જમીનને બચાવવા માટે રાસાયણિક ખાતરો અને જંતુનાશકોનો બેફામ ઉપયોગ અટકાવવો અનિવાર્ય છે. તેમણે નવનિયુક્ત કર્મયોગીઓને ખેડૂતોમાં અવેરનેસ લાવી તેમને પ્રાકૃતિક ખેતી તરફ વાળવા માટે કાઉન્સિલિંગ કરવા પ્રોત્સાહિત કર્યા હતા. મંત્રીશ્રીએ સૌને સલાહ આપી હતી કે, નોકરીના શરૂઆતના વર્ષોમાં બદલી કે સરળતા શોધવાને બદલે રાજ્યના વિવિધ વિસ્તારોમાં ફિલ્ડ વર્ક કરી અનુભવ મેળવવો જોઈએ, જે તેમને ભવિષ્યમાં એક કુશળ અને સક્ષમ અધિકારી બનાવવામાં મદદરૂપ થશે. કૃષિ અગ્રસચિવ શ્રી આર.સી. મીણાએ આ ભરતી પ્રક્રિયાની પારદર્શક પદ્ધતિથી લઈને પસંદગી સુધીના સમગ્ર આયોજનની ભૂમિકા આપીને નવ નિયુક્ત ઉમેદવારોને કૃષિ અને ખેડૂત કલ્યાણ વિભાગના વડા તરીકે આવકાર્યા હતા. આ નિમણૂંકપત્ર એનાયત કાર્યક્રમમાં મુખ્યમંત્રીશ્રીના અધિક અગ્રસચિવ શ્રી ડૉ.વિક્રાંત પાંડે, કૃષિ અને ખેડૂત કલ્યાણ વિભાગના તથા ખેતી નિયામક કચેરીના વરિષ્ઠ અધિકારીઓ તેમજ નવી નિમણૂંક મેળવી રહેલા યુવાઓ ઉત્સાહપૂર્વક સહભાગી થયા હતા.



કૃષિ ક્ષેત્ર સમગ્ર દેશના અર્થતંત્રનો પાયો છે અને કૃષિ વિભાગમાં જોડાવાની તક એ ખેડૂતોની સેવા માટેની ઉત્તમ તક છેઃ કૃષિ મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણી





વર્તમાન વૈશ્વિક પરિસ્થિતિમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની અપિલનો પ્રતિસાદ આપતા કૃષિ વિભાગ દ્વારા ગાંધીનગરમાં સાદગી પૂર્ણ રીતે નિમણૂંક પત્રો વિતરણનો ગૌરવશાળી કાર્યક્રમ










મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે ખેતી મદદનીશ સંવર્ગના ઉમેદવારોને નિમણૂંક પત્રો એનાયત કર્યા

# ભારત-અમેરિકા કૃષિ સહકારને નવી દિશા આપવા માટે ઈફકોના અધ્યક્ષ શ્રી દિલીપ સંઘાણીના નેતૃત્વ હેઠળ મહત્વપૂર્ણ સંવાદ યોજાયો.

કમલમ્,


US IBC એ પોતાના સંદેશમાં ઉલ્લેખ કર્યો કે શ્રી દિલીપ સંઘાણીના નેતૃત્વ હેઠળ થયેલી ચર્ચાઓ ભારત અને અમેરિકા વચ્ચેના કૃષિક્ષેત્રના સહકારને નવી ઊર્જા પ્રદાન કરશે. આ બેઠક ઈફકોની આંતરરાષ્ટ્રીય પ્રતિષ્ઠા તેમજ શ્રી દિલીપ સંઘાણીના નેતૃત્વ હેઠળ ભારતીય ખેડૂતોના હિતોને વૈશ્વિક મંચો પર અસરકારક રીતે રજૂ કરવામાં આવી રહેલી ભૂમિકાનું પ્રતિબિંબ છે. વોશિંગ્ટન ડી.સી. સ્થિત U.S.-India Business Council (USIBC) દ્વારા ઈફકોના અધ્યક્ષ શ્રી દિલીપ સંઘાણીના નેતૃત્વ હેઠળ આવેલા PHDCCI પ્રતિનિધિમંડળનું યજમાનપદ સ્વીકારવામાં આવ્યું હતું, જે આ બેઠકના મહત્વ અને પ્રભાવને સ્પષ્ટ રીતે દર્શાવે છે. બેઠક પૂર્ણ થયા બાદ USIBC એ પોતાના સત્તાવાર સોશિયલ મીડિયા મંચ પર આ સંવાદને ભારત-અમેરિકા કૃષિ સહકારને વધુ મજબૂત બનાવવાની દિશામાં એક મહત્વપૂર્ણ પહેલ તરીકે ગણાવ્યો. USIBC એ પોતાના સંદેશમાં જણાવ્યું હતું કે શ્રી દિલીપ સંઘાણીના નેતૃત્વ હેઠળ થયેલા વિચારવિમર્શે કૃષિ ક્ષેત્રમાં ભારત અને અમેરિકા વચ્ચેના સહકારને નવી ગતિ આપવા, સામૂહિક પડકારોના ઉકેલ શોધવા તથા ઉભરતી તકો પર અર્થપૂર્ણ ચર્ચા માટે માર્ગ મોકળો કર્યો છે. પરિષદે ખાસ કરીને નવીનતા આધારિત કૃષિ નીતિઓ, ટકાઉ કૃષિ વિકાસ, ખાદ્ય સુરક્ષા અને ખેડૂતોની સમૃદ્ધિ માટે બંને દેશો વચ્ચે મજબૂત ભાગીદારીની જરૂરિયાત પર ભાર મૂક્યો. આ નોંધપાત્ર છે કે અમેરિકાની પ્રતિષ્ઠિત ઉદ્યોગ અને વેપાર સંસ્થા USIBC દ્વારા આ બેઠકને જાહેર રીતે વિશેષ મહત્વ આપવામાં આવ્યું છે, જે ભારતીય સહકારી આંદોલનની વધતી વૈશ્વિક સ્વીકાર્યતા, ઈફકોની આંતરરાષ્ટ્રીય પ્રતિષ્ઠા તેમજ શ્રી દિલીપ સંઘાણીના નેતૃત્વ હેઠળ ભારતીય ખેડૂતોના હિતોને વૈશ્વિક મંચો પર અસરકારક રીતે રજૂ કરવાની ક્ષમતાનું પ્રમાણ છે. બેઠક દરમિયાન કૃષિ ઉત્પાદકતા વધારવા, અદ્યતન કૃષિ ટેકનોલોજીના ઉપયોગ, જમીનના આરોગ્યમાં સુધારો, ખેડૂતોને ટેકનિકલ સહાય પૂરી પાડવા, નવીનતા આધારિત કૃષિ ઉકેલો વિકસાવવા તેમજ ખાદ્ય અને પોષણ સુરક્ષાને વધુ મજબૂત બનાવવા જેવા મહત્વપૂર્ણ મુદ્દાઓ પર વિસ્તૃત ચર્ચા કરવામાં આવી. બંને દેશોના કૃષિ નિષ્ણાતો, નીતિ નિર્માતાઓ અને ઉદ્યોગ પ્રતિનિધિઓએ સહમતી વ્યક્ત કરી કે ભારત અને અમેરિકા વચ્ચે વધતો સહકાર કૃષિ ક્ષેત્રમાં નવી તકોના દ્વાર ખોલશે અને ખેડૂતોને લાંબા ગાળાનો લાભ પહોંચાડશે.



શ્રી દિલીપ સંઘાણીના નેતૃત્વ હેઠળ યોજાયેલ આ સંવાદ ભારત-અમેરિકા કૃષિ ભાગીદારીને નવી દિશા આપવા, સહકારિતા આધારિત કૃષિ વિકાસને વૈશ્વિક સ્તરે નવી ઓળખ અપાવવા તથા ખેડૂતોની આવક, ઉત્પાદકતા અને કૃષિ સુરક્ષાને વધુ મજબૂત બનાવવા તરફનું એક મહત્વપૂર્ણ પગલું માનવામાં આવે છે.

# સાબરકાંઠામાં પ્રાકૃતિક કૃષિ અભિયાનને વેગવંતુ બનાવવા રાજ્યપાલશ્રીએ ખેડૂતોને જમીનના એક ભાગથી પ્રાકૃતિક ખેતીની શરૂઆત કરવા સંકલ્પબદ્ધ કર્યા

**રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીની ઉપસ્થિતિમાં વડાલીના સંત માતૃશ્રી કુંવરબા વિદ્યાસંકુલ અને સંતશ્રી રામજીબાપા શારદા વિદ્યામંદિર ખાતે યોજાયું પ્રાકૃતિક કૃષિ ખેડૂત સંમેલન**






કમલમ્,

ગુજરાતના રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીની ઉપસ્થિતિમાં સાબરકાંઠાના વડાલી ખાતે આવેલ સંત માતૃશ્રી કુંવરબા વિદ્યાસંકુલ અને સંતશ્રી રામજીબાપા શારદા વિદ્યામંદિર ખાતે શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન સતપંથ યુવા સંઘ તેમજ ગુજરાત પ્રાકૃતિક કૃષિ વિકાસ બોર્ડ સાબરકાંઠાના સંયુક્ત ઉપક્રમે 'પ્રાકૃતિક કૃષિ ખેડૂત સંમેલન' યોજાયું હતુ. રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ સાબરકાંઠામાં પ્રાકૃતિક કૃષિ અભિયાનને વેગવંતુ બનાવવા પ્રાકૃતિક ખેતી અંગે માર્ગદર્શન આપવા સાથે ખેડૂતોને પ્રાકૃતિક ખેતી શરૂ કરવા સંકલ્પબદ્ધ કર્યા હતા. પરિસંવાદમાં પ્રાકૃતિક કૃષિ ઉત્પાદન વેચાણના વિવિધ સ્ટોલની મુલાકાત લીધી હતી અને પ્રાકૃતિક કૃષિ ઉત્પાદનો નિહાળી ખેડૂતો સાથે સહજ સંવાદ કર્યો હતો. આ કાર્યક્રમમાં રાજ્યપાલશ્રીએ જણાવ્યું હતું કે, ૬૦ના દાયકામાં ડૉ. સ્વામીનાથને હરિયાળી ક્રાંતિ શરૂ કરી હતી. તે એ સમયની માંગ હતી, પરંતુ આપણે લોકોએ પરંપરાગત ખેતીને બિલકુલ છોડી દીધી, પશુપાલન છોડી દીધું. છાણ, ગૌમૂત્ર વગેરે જે ખેતરોમાં નાખતા હતા, તે હવે નહિવત જેવું થઈ ગયું. આજના સમયમાં વધુ ઉત્પાદનની લ્હાયમાં ઝેરી યુરીયા, ડીએપી તથા જંતુનાશકોનો બેફામ ઉપયોગ કરાઈ રહ્યો છે. જેના કારણે જીવલેણ બિમારી વધી રહી છે. ટુંકા સમયના ફાયદા માટે આપણે પર્યાવરણ અને માનવજાતને નુકશાન પહોંચાડી અપરાધ કરી રહ્યા છીએ. આ રાસાયણિક ખેતીથી ધરતી પથ્થર સમાન બની ગઈ છે, હવામાં ઝેરી તત્વો ભળવા સાથે ભૂગર્ભ જળ પણ દૂષિત બન્યા છે. આમ, સમગ્ર પર્યાવરણ અને માનવજાત સામે મોટું સંકટ ઉભું થયું છે. ત્યારે ધરતીપુત્રોએ ખરા અર્થમાં જીવનદાતા બનવા કમર કસવી જોઈએ. સમગ્ર સમાજ અને પોતાના પરિવારના કલ્યાણ માટે પ્રાકૃતિક ખેતી અપનાવવી જોઈએ. પ્રાકૃતિક ખેતીથી ઉત્પાદન ઘટતું હોવાનો ભય ભ્રામક હોવાનું જણાવીને રાજ્યપાલશ્રીએ સાબરકાંઠાના પ્રાકૃતિક કૃષિ કરતા પ્રગતિશીલ ખેડૂતોના ઉદાહરણ સાથે ખેડૂતોને સમજ આપતા જણાવ્યું હતુ કે, પ્રાકૃતિક ખેતી ઝીરો બજેટ ખેતી છે, સમય સાથે ઉત્પાદન વધવા ઉપરાંત જમીન ફળદ્રુપ થાય છે તેમજ ઓછા પાણીએ ખેતી કરવી શક્ય બને છે. તેમણે પ્રાકૃતિક ખેતી માટે અળસિયા તેમજ સુક્ષ્મ જીવાણુંની જરૂરીયાત તથા જીવામૃત અને ઘનજીવામૃત અંગે માહિતી આપી હતી. રાસાયણિક ખેતી થકી આજે દેશનું ધન વિદેશમાં ચાલ્યું જતું હોવાનું જણાવી રાજ્યપાલશ્રીએ વડાપ્રધાનશ્રીના રાષ્ટ્રીય પ્રાકૃતિક કૃષિ મિશનમાં સહભાગી બનવા હાંકલ કરી હતી. સાબરકાંઠાના ખેડૂતોને શરૂઆતમાં પોતાની જમીનના માત્ર એક ભાગથી પ્રયોગાત્મક ધોરણે પ્રાકૃતિક ખેતી શરૂ કરવા સંકલ્પબદ્ધ થઈને દર વર્ષે તેમાં વધારો કરતા જવા અનુરોધ કર્યો હતો. તેમણે રાસાયણિક ખેતીની વિનાશકારી અસરો અંગેના કેટલાક સંશોધનોનો ઉલ્લેખ કરીને માતાઓના દુધમાં પણ યૂરિયા અને જંતુનાશકો મળી આવ્યા અંગેનો મીડિયા રિપોર્ટ બતાવી ચિંતા વ્યકત કરી હતી. આવનારી પેઢીને જીવલેણ બીમારીઓનો શિકાર બનતા અટકાવવા પ્રાકૃતિક ખેતી જ એકમાત્ર વિકલ્પ હોવાનું ઉમેર્યું હતું. રાજ્યપાલશ્રીએ હરિયાણા, ગુરુકુલ કુરુક્ષેત્રની જમીનમાં પ્રાકૃતિક ખેતીના સફળ પરિણામ તથા ખેડૂતોએ પ્રાકૃતિક ખેતી અપનાવ્યા બાદ જોવા મળેલા અભૂતપૂર્વ પરીણામનો ઉલ્લેખ કરતા સાબરકાંઠાના ખેડૂતોને કોઈપણ રાસાયણિક ખાતર કે જંતુનાશક વગર કઈ રીતે સફળ પ્રાકૃતિક ખેતી કરાય તે અંગે વિગતવાર માહિતી આપી હતી. ખેડૂતોને ઉત્પાદન ઘટવાની ભ્રાંતિમાંથી બહાર નિકળવા જિલ્લાના સફળ પ્રગતિશીલ ખેડૂતોના મોડેલ ફાર્મની મુલાકાત લઈ પોતાનો વિશ્વાસ દ્રઢ કરવા સૂચવ્યું હતું. દેશી ગાયના મહત્વ પર ભાર મૂકતા રાજ્યપાલશ્રીએ ગાયને ખેતી માટે વરદાનરૂપ ગણાવી હતી. તેના ગોબર અને ગૌમુત્ર પ્રાકૃતિક ખેતી માટે અમૃત સમાન હોવાનું જણાવતા દુધના માધ્યમથી આવક વધારવા ખેડૂતોને ઉન્નત ઔલાદની ગાય માટે આધુનિક ટેકનોલોજીની મદદથી બ્રીડીંગ કરવા જણાવ્યું હતું. વધુમાં તેમણે કહ્યું કે, હું ખેડૂત છું, તમારી વચ્ચે જ રહુંછું. હું જે રાત-દિવસ ફરી રહ્યો છું, જે પ્રયાસ કરુંછું, મારો એક જ ઉદ્દેશ્ય છે, ખેડૂતોનું ભલું થાય, આવનારી પેઢીઓનું કલ્યાણ થાય, ધરતી માતા બચે, ગૌમાતા બચે, પર્યાવરણ બચે, પાણી બચે, લોકોનું સ્વાસ્થ્ય બચે અને દેશનું ધન બચે. સાબરકાંઠા જિલ્લાની કૃષિ સખીઓ અને સી.પી.આર.ને જિલ્લામાં પ્રાકૃતિક કૃષિ અભિયાનને વધુ વેગવંતુ બનાવવા આહવાન કર્યું હતું. કાર્યક્રમમાં જિલ્લાના પ્રગતિશીલ ખેડૂત શ્રી મહેન્દ્રભાઈ પટેલ, અલ્પેશભાઈ પટેલ તેમજ ખેડૂત શ્રી રતિલાલે પોતાની સફળ પ્રાકૃતિક ખેતી અંગે પોતાના અનુભવો વર્ણવ્યા હતા. ઉલ્લેખનીય છે કે આગામી ૯ જૂનના રોજ ધામણી પ્રાકૃતિક ખેતી તાલીમ યોજાશે. આ કાર્યક્રમમાં જિલ્લા પંચાયત પ્રમુખશ્રી રીનાબેન પટેલ, ધારાસભ્યશ્રી રમણલાલ વોરા, કલેક્ટર શ્રી લલિત નારાયણસિંઘ સાંદુ, જિલ્લા વિકાસ અધિકારી શ્રી એચ પી પટેલ, શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન સતપંથ યુવા સંઘ સહિત વિવિધ વિભાગના અધિકારીશ્રીઓ સહિત મોટીસંખ્યામાં જિલ્લાના ધરતીપુત્રો, કૃષિ સખીઓ અને CRP તેમજ ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતાં.

## ગુજરાત પોલીસની નવતર પહેલ

# પોલીસ ભવન ખાતે શરૂ કરાયેલું 'જનસંપર્ક કેન્દ્ર' નાગરિકો માટે બન્યું વિશ્વાસનું નવું સરનામું

**ગુજરાત પોલીસની 'સુરક્ષા, સેવા અને વિશ્વાસ'ની ભાવનાને ઉજાગર કરવાનું સક્ષમ માધ્યમ બન્યુ જનસંપર્ક કેન્દ્રઃ રાજ્યના પોલીસ વડા ડો.કે.એલ.એન રાવ**



કમલમ્,

રાજ્યના નાગરિકો અને પોલીસ તંત્ર વચ્ચે વિશ્વાસ અને પારદર્શિતા વધારવાના હેતુથી પોલીસ ભવનખાતે "જનસંપર્ક કેન્દ્ર" શરૂ કરવામાં આવ્યુંછે. રાજ્યના પોલીસ વડા ડૉ. કે. એલ. એન રાવના માર્ગદર્શનમાં આ કાર્યાલય હેઠળ નાગરિકોની ફરિયાદો, અરજીઓ તથા પ્રશ્નોના યોગ્ય અને ન્યાયસંગત નિરાકરણ સમયસર લાવવામાં આવે છે. આજે રાજ્યના પોલીસ વડાશ્રીએ આ કેન્દ્રની મુલાકાત લઈ કામગીરીની સમીક્ષા કરી હતી. પોલીસ વિભાગ દ્વારા શરૂ કરવામાં આવેલી આ વ્યવસ્થા આજે નાગરીકો માટે ન્યાય મેળવવાનું સુવ્યવસ્થિત અને સક્ષમ માધ્યમ બન્યુ છે. આ કેન્દ્રનો મુખ્ય ઉદ્દેશ્ય દરેક અરજદારને સન્માન સાથે સાંભળવાનો, જિલ્લા કે શહેર સ્તરની પોલીસ કચેરીઓ સાથે સંકલન સાધી સમયમર્યાદા આધારિત પારદર્શક નિરાકરણ લાવવાનો છે. આ વ્યવસ્થાથી અરજીઓ પર થતી કાર્યવાહીનો વિલંબ નાબૂદ અને પોલીસ પ્રત્યેનો જનવિશ્વાસ વધુ મજબૂત બન્યો છે. રાજ્યના પોલીસ વડા ડૉ. કે. એલ. એન રાવે જણાવ્યું હતું કે, જનસંપર્ક કાર્યાલય એ માત્ર નાગરિકોની અરજીઓ સ્વીકારવાનું કેન્દ્ર નથી. તે ગુજરાત પોલીસની 'સુરક્ષા, સેવા અને વિશ્વાસ'ની ભાવનાને ઉજાગર કરવાનું સક્ષમ માધ્યમ છે. કચેરીના પગથિયાં ચઢતો દરેક સામાન્ય અને ગરીબ માણસ અહીંથી ન્યાયની આશા અને સંતોષ સાથે પાછો ફરે તે અમારી પ્રાથમિકતા છે. જન સંપર્ક કાર્યલય ખાતે આવતી અરજીઓને પ્રાધાન્ય આપી ત્વરીત ઉકેલ લાવવા માટે જિલ્લા કક્ષાએ પણ સુચના આપવામાં આવી છે. અગાઉ નાગરિકોએ પોતાની રજૂઆત માટે અલગ-અલગ કચેરીઓના ચક્કર કાપવા પડતા હતા. હવે આ સિંગલ-વિન્ડો જેવી પારદર્શક વ્યવસ્થાથી સમયસર ફરિયાદ નિવારણ શક્ય બન્યું છે. તો આવો આ જનસંપર્ક કેન્દ્રની સમગ્ર કાર્યપદ્ધતિની સમજીએ:

**અરજી સ્વીકાર અને પ્રાથમિક નોંધણી**

કેન્દ્ર પર આવતા દરેક નાગરિકની વિગતો રિસેપ્શન ડેસ્ક પર નોંધવામાં આવે છે. તેમને સુનાવણી માટે અનુકૂળ તેમજ તણાવમુક્ત વાતાવરણ પૂરું પાડવામાં આવે છે.

**અધિકારી દ્વારા રૂબરૂ સુનાવણી**

ઉપસ્થિત ઉચ્ચ જવાબદાર અધિકારીઓ દ્વારા અરજદારની રજૂઆતોને ધ્યાનપૂર્વક સાંભળીને કેસની નોંધ લેવામાં આવે છે.

**નોંધણી અને ત્વરિત પ્રક્રિયા**

કેન્દ્ર મારફતે મળેલી તમામ ફરિયાદો અને રજૂઆતોની વિધિવત નોંધણી કરી યોગ્ય કાર્યવાહી માટે સંબંધિત જિલ્લા અથવા શહેર પોલીસ એકમો કે સંલગ્ન શાખાઓને મોકલવામાં આવે છે.

**અહેવાલ અને સમીક્ષા**

ફિલ્ડ યુનિટ પાસેથી નિર્ધારિત સમયમાં જરૂરી અહેવાલ મંગાવી તેનું બારીકાઈથી પરીક્ષણ કરી ઉચ્ચ અધિકારીઓ સમક્ષ આગળની કાર્યવાહી માટે રજૂ કરવામાં આવે છે.

**બે સ્તરીય ફીડબેક પ્રણાલી**

સેવા સુધારણા માટે કાર્યાલય સ્તરે અને જિલ્લા સ્તરે એમ બે પ્રકારે વિસ્તૃત ફીડબેક ફોર્મ ભરાવવામાં આવે છે. ટેલિફોન દ્વારા સંપર્ક કરી કેસની પ્રગતિની માહિતી પણ આપવામાં આવે છે.

તા. ૨ ફેબ્રુઆરીથી શરૂ કરવામાં આવેલા આ જનસંપર્ક કેન્દ્રમાં મળેલી ફરીયાદોમાંથી મોટાભાગની ફરીયાદોનું ત્વરીત અને સચોટ નિવારણ લાવવામાં આવ્યું છે. ભાવનગરના શ્રી જીગરભાઈ ભટ્ટે ગાંધીનગર જનસંપર્ક કાર્યાલયનો સંપર્ક કર્યો હતો. કાર્યાલયના ત્વરિત ફોલોઅપ અને PI પલક પટેલ તથા PSI એમ.જે. પટેલના સહયોગથી અરજદારનો સંબંધિત IPS શ્રીમતી અમિતા વનાણી સાથે મુલાકાત કરાવી તેમના કેસના આરોપીની ત્વરિત ધરપકડ કરી તેમના પ્રશ્નનું નિરાકરણ લાવવામાં આવ્યું હતું. સાણંદના અરજદાર નરેશભાઈ દુલેરાએ આ સેવાને નાના માણસો માટે ન્યાયનું આશા કિરણ અને જનહિત માટે શરૂ કરવામાં આવેલી ઉત્તમ પહેલ ગણાવી હતી. જનસંપર્ક કાર્યાલય એ માત્ર અરજીઓ સ્વીકારવાનું કેન્દ્ર નથી, પરંતુ તે પોલીસ અને જનતા વચ્ચે વિશ્વાસનો મજબૂત સેતુ છે. આ નાગરિક કેન્દ્રિત અભિગમ પોલીસ તંત્રને વધુ લોકભોગ્ય, લોકોપયોગી અને જવાબદાર બનાવવામાં ખૂબ જ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહ્યો છે.

# કેન્દ્રીય જલ શક્તિ મંત્રી શ્રી સી આર પાટીલે 'સ્વચ્છ ગાંવ, સુરક્ષિત જલવાયુ' અભિયાન અને SWM નિયમો ૨૦૨૬ પર રાષ્ટ્રીય સ્તરના IEC અભિયાનનો પ્રારંભ કર્યો

કમલમ્,

કેન્દ્રીય જલશક્તિ મંત્રી શ્રી સી.આર. પાટીલે નવી દિલ્હીમાં જલ શક્તિ મંત્રાલયના પીવાના પાણી અને સ્વચ્છતા વિભાગ ખાતે 'સ્વચ્છ ગાંવ, સુરક્ષિત જલવાયુ' (SGSJ) અભિયાન અને સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ નિયમો, ૨૦૨૬ અંગે જાગૃતિ માટે રાષ્ટ્રીય સ્તરના IEC અભિયાનનો પ્રારંભ કર્યો હતો. હાઈબ્રિડ મોડમાં આયોજિત આ લોન્ચિંગમાં પીવાના પાણી અને સ્વચ્છતા વિભાગના સચિવ શ્રી અશોક કે.કે. મીના; સંયુક્ત સચિવ અને મિશન ડાયરેક્ટર, SBM(G), સુશ્રી ઐશ્વર્યા સિંઘ અને DDWS ના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશોના વરિષ્ઠ અધિકારીઓ જેમાં અધિક મુખ્ય સચિવો, અગ્ર સચિવો, સચિવો, રાજ્ય મિશન ડાયરેક્ટર્સ, SBM(G) અને ગ્રામ પંચાયતોના પસંદગીના સરપંચો આ લોન્ચિંગમાં વર્ચ્યુઅલ રીતે જોડાયા હતા. 'સ્વચ્છ ગાંવ, સુરક્ષિત જલવાયુ'એ વિશ્વ પર્યાવરણ દિવસ ૨૦૨૬ માટે પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રાલય (MoEFCC) ના સહયોગથી શરૂ કરાયેલ DDWS નું એક અભિયાન છે. આ અભિયાન ૧લી જૂનથી ૫મી જૂન દરમિયાન લાગુ કરવામાં આવશે અને તે પહેલાં ૨૫મી મે થી ૨૯મી મે, ૨૦૨૬ સુધી પૂર્વ-અમલીકરણ તબક્કો યોજાયો હતો. આ અભિયાન મિશન લાઈફ (Mission LiFE)ની વિષયવસ્તુઓ (થીમ્સ), વર્તણૂકમાં પરિવર્તન અને પર્યાવરણ સુરક્ષા અંગે જાગૃતિ લાવવા પર ધ્યાન કેન્દ્રિત કરશે. સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ) ૨.૦ પ્લાસ્ટિક કચરા વ્યવસ્થાપનના 4R (Refuse, Reduce, Reuse, Recycle) ગ્રે-વોટર વ્યવસ્થાપનના 3R(Reduce, Reuse, Recharge), ચક્રીય અર્થતંત્ર (સર્ક્યુલર ઈકોનોમી) અને વેસ્ટ ટુ વેલ્થના પ્રમોશન પર ધ્યાન કેન્દ્રિત કરીને મિશન લાઈફના વિઝનને સમર્થન આપે છે, જેનો ઉદ્દેશ્ય ગામડાઓને ઓડીએફ પ્લસ (મોડલ) - ODF Plus (Model) માં પરિવર્તિત કરવાનો છે. 'સ્વચ્છ ગાંવ, સુરક્ષિત જલવાયુ' અભિયાનનું અન્ય એક ધ્યાન સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ (SWM) નિયમો, ૨૦૨૬ માટે જાગૃતિ લાવવા અને સંવેદનશીલ બનાવવાનું છે જે ૧લી એપ્રિલ ૨૦૨૬ થી અમલમાં આવ્યા છે.

આ સંદર્ભમાં, 'સ્વચ્છ ગાંવ, સુરક્ષિત જલવાયુ' અભિયાનનો ઉદ્દેશ્ય છે:

□ ગ્રામીણ વિસ્તારોમાં હિતધારકોને SWM નિયમો ૨૦૨૬ વિશે સંવેદનશીલ બનાવવા, જેમાં બલ્ક વેસ્ટ જનરેટર્સ (BWGs) ની ઓળખ, ચાર-પ્રવાહ સ્ત્રોત અલગીકરણ (ફોર-સ્ટ્રીમ સોર્સ સેગ્રિગેશન) અને જૂના કચરાના (લેગસી વેસ્ટ) વ્યવસ્થાપનનો સમાવેશ થાય છે

□ ગ્રામ પંચાયતો દ્વારા સામુદાયિક SWM અસ્કયામતોની કાર્યક્ષમતાનું સ્વ-મૂલ્યાંકન અને માન્યતાની સુવિધા પૂરી પાડવી

□ મિશન લાઈફની વિષયવસ્તુઓ (થીમ્સ) પર જાગૃતિ લાવવી અને ટકાઉ પ્રથાઓને પ્રોત્સાહન આપવું

□ સ્વચ્છતા,



અસ્કયામતોના યોગ્ય સંચાલન અને જાળવણી (ઓપરેશન અને મેઈન્ટેનન્સ) સુનિશ્ચિત કરવા માટે સમુદાયોને એકત્રિત કરવા અને સંપૂર્ણ સ્વચ્છતા અને ઓડીએફ પ્લસ (મોડલ) ગામો પ્રત્યેની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કરવો

આ અભિયાનમાં સુઆયોજિત પ્રવૃત્તિઓનો સમાવેશ થશે અને તેનું સમાપન ૫ જૂન ૨૦૨૬ ના રોજ "એક પેડ મા કે નામ" વૃક્ષારોપણ અભિયાન અને વિશેષ ગ્રામસભા સાથે થશે, જ્યાં અભિયાનની સિદ્ધિઓ અને જીઉર નિયમો ૨૦૨૬ અંગેની જાગૃતિ વિશે તમામ ગ્રામ પંચાયતો દ્વારા ચર્ચા કરવામાં આવશે. SWM નિયમો, ૨૦૨૬ અંગે જાગૃતિ માટે DDWS ના રાષ્ટ્રીય IEC અભિયાનનું ધ્યાન રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશો, જિલ્લા વહીવટીતંત્ર, ગ્રામીણ સ્થાનિક સંસ્થાઓ, પરિવારો, સંસ્થાઓ, બલ્ક વેસ્ટ જનરેટર્સ અને ગ્રામીણ વિસ્તારોમાં અમલીકરણમાં સામેલ અન્ય હિતધારકો માટે સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ નિયમો ૨૦૨૬ ની મુખ્ય જોગવાઈઓને સરળ બનાવવા પર રહેશે. આ અભિયાન સામુદાયિક સ્તરે જાગૃતિ, વર્તણૂકમાં પરિવર્તન અને પાલનને ટેકો આપવા માટે SWM નિયમો ૨૦૨૬ ને સરળ, નાગરિક-અનુકૂળ સંદેશાઓમાં વિભાજિત કરશે. લોન્ચિંગ ઈવેન્ટના ભાગરૂપે, કેન્દ્રીય મંત્રીએ છત્તીસગઢ, મહારાષ્ટ્ર, આસામ અને ઉત્તર પ્રદેશની ગ્રામ પંચાયતોના સરપંચો સાથે પણ વાતચીત કરી હતી, જેમણે પાયાના સ્તરના તેમના અનુભવો, SBM(G) 2.0 હેઠળ લેવામાં આવેલા હસ્તક્ષેપો, પ્લાસ્ટિક કચરા વ્યવસ્થાપન સહિત કચરા વ્યવસ્થાપન માટે SHGs (સ્વયં સહાય જૂથો) સાથે થઈ રહેલા કાર્યો અને સ્વચ્છતા સંબંધિત પ્રવૃત્તિઓ માટે તમામ હિતધારકોને સામેલ કરવાના તેમના પ્રયાસો શેર કર્યા હતા. સરપંચોએ કેન્દ્રીય મંત્રીને તેમની જીપી (GPs) માં SGSJ અભિયાન હેઠળ આયોજિત કરવામાં આવી રહેલી પ્રવૃત્તિઓ વિશે પણ માહિતગાર કર્યા હતા. સરપંચો સાથેની તેમની વાતચીત દરમિયાન, કેન્દ્રીય મંત્રીએ ગ્રે-વોટર વ્યવસ્થાપન સહિત યોગ્ય કચરા વ્યવસ્થાપન સુનિશ્ચિત કરવા અને ગંદુ પાણી જળાશયો અને નદીઓમાં ન જાય તે સુનિશ્ચિત કરવા પર પણ ભાર મૂક્યો હતો. કેન્દ્રીય મંત્રીએ આગળ આસામ અને જમ્મુ અને કાશ્મીરના રાજ્ય SBM(G) મિશન ડાયરેક્ટર્સ સાથે SGSJ અભિયાનો સંબંધિત વિવિધ પાસાઓ, SBM(G) 2.0 હેઠળ પ્રાપ્ત થયેલી પ્રગતિ અને સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ નિયમો, ૨૦૨૬ ના અમલીકરણમાં રાજ્યના પ્રયાસો પર વાતચીત કરી હતી. કેન્દ્રીય મંત્રી શ્રી સી આર પાટીલે તેમના માર્ગદર્શક પ્રવચનમાં સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ) [SBM(G)] ની સફળતાની પ્રશંસા કરી હતી. તેમણે હાઈલાઈટ કર્યું કે ૫ લાખથી વધુ ગામોએ પોતાને સફળતાપૂર્વક ઓડીએફ પ્લસ (મોડલ) જાહેર કર્યા છે. તેમણે ઉલ્લેખ કર્યો કે આ સીમાચિહ્ન ગાંધીજીના સ્વચ્છ ભારતના વિઝનના ભવ્ય પાયા પર બનેલ છે, જેને આગળ ધપાવવામાં આવ્યું છે અને છેલ્લા ૧૨ વર્ષમાં પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં નોંધપાત્ર સીમાચિહ્નો હાંસલ કર્યા છે. તેમણે નોંધ્યું કે SBM(G) એ ગ્રામીણ વિસ્તારોમાં આશરે ૧૨ કરોડ શૌચાલયોનું નિર્માણ જોયું છે અને દેશભરમાં સ્વચ્છતાની આદતોમાં પરિવર્તન આણ્યું છે. તેમણે ઉલ્લેખ કર્યો કે વિશ્વ પર્યાવરણ દિવસ ૨૦૨૬ માટે DDWS દ્વારા આયોજિત કરવામાં આવી રહેલું 'સ્વચ્છ ગાંવ, સુરક્ષિત જલવાયુ' અભિયાન અને સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ નિયમો માટે રાષ્ટ્રીય સ્તરનુt IEC અભિયાન એ બંને મહત્વપૂર્ણ પહેલો છે જે જનભાગીદારી અને પર્યાવરણ સંરક્ષણને વધુ મજબૂત કરશે. કેન્દ્રીય મંત્રીએ ઉલ્લેખ કર્યો કે SBM(G) 2.0 ગ્રે-વોટર વ્યવસ્થાપન અને 'વેસ્ટ ટુ વેલ્થ' પહેલોમાં કચરાના ઘટાડાના અસરકારક અને વૈજ્ઞાનિક વ્યવસ્થાપનને પ્રોત્સાહન આપે છે. સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ એ SBM(G) 2.0 નો એક અભિન્ન ભાગ છે તેમ જણાવતા, તેમણે નાગરિકોને કચરાનું અલગીકરણ અને પર્યાવરણ સંરક્ષણને તેમની વર્તણૂક અને જીવનશૈલીનો ભાગ બનાવવા વિનંતી કરી. વિશેષ ગ્રામસભા, સ્વચ્છતા અભિયાન અને "એક પેડ મા કે નામ" વૃક્ષારોપણ, સામુદાયિક SWM અસ્કયામતોની ચકાસણી જેવી વિવિધ પ્રવૃત્તિઓનો પુનરોચ્ચાર કરતા, કેન્દ્રીય મંત્રીએ તમામ રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશો, ગ્રામ પંચાયતો, યુવાનો, SHGs અને અન્ય વિવિધ હિતધારકોને SGSJ અભિયાનમાં પૂરા દિલથી ભાગ લેવા વિનંતી કરી. તેમણે વધુમાં જણાવ્યું હતું કે SWM નિયમો ૨૦૨૬ અંગે જાગૃતિ માટે DDWS નું રાષ્ટ્રીય સ્તરનું IEC અભિયાન પણ તેમના અસરકારક અમલીકરણમાં મદદ કરશે. ડીડીડબલ્યુએસ (DDWS) ના સચિવ શ્રી અશોક કે.કે. મીનાએ પોતાના પ્રારંભિક પ્રવચનમાં રેખાંકિત કર્યું હતું કે, એસબીએમ(S) [SBM(G)] 2.0 તેનું છેલ્લું વર્ષ ચાલી રહ્યું છે. આથી હવે મુખ્ય ધ્યાન ગામડાઓને ઓડીએફ પ્લસ (મોડલ) તરીકે સંતૃપ્ત કરવા, પ્રત્યક્ષ સ્વચ્છતા (વિઝ્યુઅલ ક્લીનલીનેસ) જાળવવા, અસ્કયામતોની કાર્યક્ષમતા સુનિશ્ચિત કરવા તેમજ ડીડબલ્યુએસએમ (DWSMs) દ્વારા એસબીએમ(S) અને જલ જીવન મિશનના નિયમિત મોનિટરિંગ પર જ રહેવું જોઈએ. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે ગ્રામ પંચાયતો હંમેશા આ મિશનને જમીન પર લઈ જવા માટે કેન્દ્રસ્થાને રહી છે અને પરિણામોને જાળવી રાખવામાં અને SWM નિયમો, ૨૦૨૬ નું પાલન સુનિશ્ચિત કરવામાં તેમની ભૂમિકા મહત્વપૂર્ણ રહેશે. તેમણે વિનંતી કરી કે તમામ સ્થાનિક પ્રવૃત્તિઓનો અહેવાલ નિયત પ્રક્રિયા અનુસાર DDWS ને આપવો જોઈએ જેથી રાષ્ટ્રીય સ્તરે પ્રગતિ યોગ્ય રીતે મેળવી શકાય અને લાગુ પડતા મિશન લાઈફ પર યોગ્ય રીતે અહેવાલ આપી શકાય.

આ પૂર્વે, સુશ્રી ઐશ્વર્યા સિંઘ, JS&MD, SBM(G) એ DDWS દ્વારા શરૂ કરવામાં આવી રહેલા SGSJ અભિયાનના મહત્વ, મિશન લાઈફ અને સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ નિયમો ૨૦૨૬ સાથે તેના જોડાણ પર પ્રકાશ પાડ્યો હતો. તેમણે જણાવ્યું હતું કે SGSJ અભિયાન પાંચ દિવસમાંથી દરેક દિવસ માટે વિશિષ્ટ પ્રવૃત્તિઓ સાથે તૈયાર કરવામાં આવ્યું છે જે તમામ રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશોમાં હાથ ધરવામાં આવવી જોઈએ. તેમણે વધુમાં ઉલ્લેખ કર્યો કે SWM નિયમો ૨૦૨૬ અને આ બાબતે માનનીય સર્વોચ્ચ અદાલતના (સુપ્રીમ કોર્ટ) વિવિધ આદેશો નિયમોના અમલીકરણ માટે વિગતવાર નિર્દેશો પૂરા પાડે છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે SWM નિયમો ૨૦૨૬ ગ્રામીણ વિસ્તારોમાં અમલીકરણના મોનિટરિંગ, જવાબદારીના મેટ્રિક્સ અને કાર્યવાહી માટે સ્પષ્ટ માળખું પૂરું પાડે છે. તેમણે ઉલ્લેખ કર્યો કે SWM નિયમો ૨૦૨૬ માટે રાષ્ટ્રીય સ્તરનું IEC અભિયાન જે DDWS દ્વારા તૈયાર કરવામાં આવ્યું છે તેનો ઉદ્દેશ્ય પણ નિયમોની વિવિધ જોગવાઈઓને સરળ બનાવવાનો અને તેને તમામ રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશો માટે સરળતાથી સુલભ બનાવવાનો છે. આ અભિયાનથી મિશન લાઈફની થીમ્સ, 'ક્લાઈમેટ એક્શન' (આબોહવાલક્ષી કાર્યવાહી) અને SWM નિયમો પર જાગૃતિ મજબૂત થવાની અપેક્ષા છે. તે SBM(G) 2.0 ના વ્યાપક વિઝનને સમર્થન આપતા સ્વચ્છતા માટે જનભાગીદારીને પણ પ્રોત્સાહિત કરશે અને વધારશે તથા આ કાર્યક્રમ હેઠળ પરિણામોની ટકાઉપણું સુનિશ્ચિત કરવામાં મદદ કરશે.

# નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીની અધ્યક્ષતામાં UPSC-2025માં સફળ થયેલા ગુજરાતના ૩૫ તેજસ્વી યુવાનોનો ભવ્ય સન્માન સમારોહ યોજાયો

**અધિકારી બન્યા પછી પણ મુળને ન ભૂલતાં, નાગરિકોના દિલ જીતીને કામ કરો: નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવી**



**સિવિલ સર્વિસીસ એ સ્ટેટસ નહીં, પણ જનસેવાનું માધ્યમ છે: વહીવટી સમસ્યાઓના પ્રેક્ટિકલ સોલ્યુશન શોધીને નાગરિકોને મદદરૂપ થવા સફળ ઉમેદવારોને અપીલ**

કમલમ્,

નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીની અધ્યક્ષતામાં યુપીએસસી સિવિલ સર્વિસીસ પરીક્ષા-૨૦૨૫માં સફળતા મેળવનાર ગુજરાતના ૩૫ યુવા ઉમેદવારોનો સન્માન સમારોહ યોજાયો હતો. પરીક્ષામાં ઉતીર્ણ થયેલા ઉમેદવારો અને તેમના પરિવારજનોને શુભકામનાઓ પાઠવતાં નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે, એક સમય એવો હતો જ્યારે યુપીએસસીની આખી યાદીમાં કોઈ એકાદ ગુજરાતીનું નામ ભાગ્યે જ જોવા મળતું પરંતુ, ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી અને દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના દૂરંદેશી નેતૃત્વના પરીણામે આજે ૩૫ ઉમેદવારોએ આ પરીક્ષા પાસ કરી છે. તેમના કાર્યકાળમાં જ સ્પિપાને વિશેષ મહત્વ આપી અનેક જરૂરી બદલાવ કરવામાં આવ્યા હતા. તેમણે ૧૫-૨૦ વર્ષ પહેલાં જે વિઝન રાખ્યું હતું, તેના પરીણામે આજે કોઈપણ રાજ્ય સરકાર દ્વારા ચાલતી સંસ્થાઓમાં સૌથી વધુ એટલે કે ૩૫ ઉમેદવારો એક જ વર્ષમાં પાસ થયા છે. અધિકારી બન્યા પછી પણ સ્વભાવમાં નમ્રતા રાખવા અપીલ કરતાં તેમણે કહ્યું હતુ કે, તમે જીવનમાં ગમે તેટલી પ્રગતિ કરો પરંતુ તમારા મુળને કદી ન ભૂલતાં. જે વ્યક્તિ જમીન સાથે જોડાઈને ચાલશે તેને જીવનમાં ક્યારેય વાંધો નહીં આવે. નામ અને સ્તરમાં માન વધવાની સાથે લોકોના દિલમાં જે પ્રેમ છે તે ઓછો ન થાય તે રીતે કામ કરવા નાયબ મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું. તેમણે સફળ ઉમેદવારોને તેમના મનગમતા ક્ષેત્ર કે સરકારી વિભાગોની તેમના ધ્યાને આવેલી વહીવટી સમસ્યાઓનો અભ્યાસ કરી તેના પ્રેક્ટિકલ સોલ્યુશન અંગેના મુદ્દાઓ તૈયાર કરીને તેના નિવારણ માટે શું કરી શકાય તે સુઝાવ આપવા અપીલ કરી હતી. આ સૂચનોનું અમલીકરણ આગામી દિવસોમાં સરકારમાં કરવામાં આવશે તેની ખાતરી તેમણે આપી હતી. ઉમેદવારોની ટ્રેનિંગ અને એક વર્ષના (અજમાયી) પિરિયડને જીવનના સૌથી મહત્વના દિવસો ગણાવતા તેમણે કહ્યું કે, સિલેબસ પૂરો થાય પછી જ સાચી સામાજિક સમસ્યાઓ શરૂ થાય છે. આ દિવસોમાં તમામ અધિકારીઓને છેવાડાના નાગરીકની મૂળ સમસ્યા સુધી પહોંચી, તેની પરિસ્થિતિ સમજી તેનો સાચો ઉકેલ લાવવાની દિશામાં કામગીરી કરવા જણાવ્યું હતું. તેમણે સ્પિપાની ટીમના પ્રત્યેક સભ્યનો આભાર માનતા કહ્યું હતું કે, સ્પિપાની ટીમે હંમેશા ગુજરાતના યુવાનોને વધુમાં વધુ મદદ મળે તે રીતે કામગીરી કરી છે. ઉમેદવારો માટે શ્રેષ્ઠ ટ્યુટર્સ અને લેક્ચરર્સ ઉપલબ્ધ થાય તે કામગીરી કરી છે. સ્પિપાના મેનેજિંગ ડિરેક્ટર અને સામાન્ય વહીવટ વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રી અંજુ શર્માએ સફળ ઉમેદવારોને આપણા 'નવા સહકર્મીઓ' તરીકે આવકારી કહ્યું હતુ કે, સિવિલ સર્વિસીસ એ માત્ર કરિયર કે સ્ટેટસ મેળવવાનું માધ્યમ નથી, પરંતુ તે નાગરિકોની 'સેવા' કરવાનું સાધન છે. ઘણા લોકો યુપીએસસી પાસ કરવાને જ જીવનનો અંતિમ ધ્યેય માની લે છે, પરંતુ વાસ્તવમાં આ અંત નથી પણ એક નવી શરૂઆત છે. સિવિલ સર્વિસના માધ્યમથી ઉમેદવારોએ જીવનના આગામી ૩૦ થી ૩૫ વર્ષ દેશ અને સમાજની સેવામાં આપવાના છે. ઉમેદવારોને માર્ગદર્શન આપતા તેમણે કહ્યું કે, ઉમેદવારોએ શાસક કે નિયમનકાર બનવાને બદલે જનતાના સેવક બનીને તેમની તકલીફો અને કાર્યોને સરળતાથી પૂર્ણ કરવામાં મદદરૂપ બનવું જોઈએ. વડાપ્રધાનશ્રી તમામ સિવિલ સર્વન્ટ્સને 'નવા ભારતના ઘડવૈયા' તરીકે જુએ છે. ઉમેદવારોને દેશ અને સમાજમાં સકારાત્મક બદલાવ લાવવાની અને વિકાસના કાર્યોમાં યોગદાન આપવાની આ એક ઉત્તમ તક મળી છે. આ કાર્યક્રમમાં સ્પીપાના ડિરેક્ટર જનરલ શ્રી હરિત શુક્લાએ સ્વાગત ઉદબોધન કરતા જણાવ્યુ કે, સ્પીપામાંથી અત્યાર સુધીમાં કુલ ૩૪૮ ઉમેદવારે યુપીએસસી (UPSC) સિવિલ સર્વિસીસની પરીક્ષા પાસ કરી છે. આગામી સમયમાં રાજ્ય સરકારની સહાયથી ગાંધીનગર ખાતે વધુ એક સેન્ટર પણ ખોલવામાં આવશે તેમ તેમણે જણાવ્યું હતું. આ પ્રસંગે નાયબ મુખ્યમંત્રીશ્રીના સચિવ શ્રી આશિષ કુમાર, સ્પીપાના ડેપ્યુટી ડિરેક્ટર જનરલ શ્રી ચંદ્રેશ કોટક સહિત સફળ ઉમેદવારો અને તેમના પરિવારજનો ઉપસ્થિત રહ્યા હતા.

# 'જનગણનાથી જન કલ્યાણ'ના મંત્ર સાથે ગાંધીનગર જિલ્લામાં ડિજિટલ વસ્તી ગણતરીનો ભવ્ય પ્રારંભ

**દેશના વિકાસ માટે સાચી વિગતો આપવા નગરજનોને મેયરશ્રીની અપીલ**



કમલમ્,

દેશ અને રાજ્યના સર્વાંગી વિકાસના આયોજન માટે અત્યંત મહત્વપૂર્ણ એવી 'વસ્તી ગણતરી-જનગણના-૨૦૨૭'નો આજથી સમગ્ર ગુજરાત સહિત ગાંધીનગર જિલ્લામાં પણ વિધિવત પ્રારંભ થયો છે. 'જનગણનાથી જન કલ્યાણ'ના રાષ્ટ્રીય મંત્રને સાર્થક કરવાના સંકલ્પ સાથે ગાંધીનગર ખાતેથી આ વસ્તી ગણતરીની પ્રક્રિયાનો ઉત્સાહભેર શુભારંભ કરવામાં આવ્યો છે. આ ડિજિટલ વસ્તી ગણતરીના પ્રારંભે ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર અને નગરના પ્રથમ નાગરિક શ્રીમતી મીરાબેન પટેલની વિગતો ઓનલાઈન પોર્ટલ/ડિજિટલ માધ્યમથી નોંધીને આ રાષ્ટ્રીય ઝુંબેશની શરૂઆત કરવામાં આવી હતી. આ પ્રસંગે ગાંધીનગરના મેયર શ્રીમતી મીરાબેન પટેલે જણાવ્યું હતું કે, વસ્તી ગણતરી એ માત્ર નાગરિકોના આંકડા એકત્ર કરવાની પ્રક્રિયા નથી, પરંતુ દેશ અને રાજ્યના ભવિષ્યના વિકાસની યોજનાઓ, શિક્ષણ, આરોગ્ય અને માળખાકીય સુવિધાઓના સચોટ આયોજનનો મજબૂત આધાર છે. આ વખતે સંપૂર્ણ પ્રક્રિયા ડિજિટલ માધ્યમથી થઈ રહી હોવાથી સમયનો બચાવ થશે અને ડેટા વધુ સચોટ બનશે. મેયરશ્રીએ ગાંધીનગરના તમામ નગરજનોને આ મહાઅભિયાનમાં ઉત્સાહપૂર્વક સહભાગી થવા અનુરોધ કર્યો હતો. તેમણે ઉમેર્યું હતું કે, જ્યારે પણ વસ્તી ગણતરીના અધિકારીઓ કે કર્મચારીઓ આપણા ઘરે આવે, ત્યારે તેમને પૂરેપૂરો સહકાર આપીને પોતાના પરિવારની એકેએક સચોટ અને સાચી વિગતો નોંધાવીએ. દેશ હિતના આ મહત્વપૂર્ણ કાર્યમાં આપણું સાચું યોગદાન આપીને એક જવાબદાર નાગરિક તરીકે ફરજ નિભાવીએ. ઉલ્લેખનીય છે કે, તા. ૦૧ જૂન ૨૦૨૬થી શરૂ થયેલી આ વસ્તી ગણતરી સંપૂર્ણપણે પેપરલેસ અને ડિજિટલ ટેક્નોલોજીના ઉપયોગથી હાથ ધરવામાં આવી રહી છે. ગાંધીનગર જિલ્લા વહીવટી તંત્ર દ્વારા આ કામગીરી માટે સુવ્યવસ્થિત આયોજન અને સ્ટાફની નિયુક્તિ કરી દેવામાં આવી છે, જેથી નિયત સમયમર્યાદામાં સમગ્ર જિલ્લાની ડિજિટલ ગણતરી સુચારુ રૂપે પૂર્ણ કરી શકાય.

# સાબરકાંઠામાં વડાલીના કેશરગંજ ખાતે રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ 'એક પેડ માઁ કે નામ' અંતર્ગત વૃક્ષારોપણ કરી પર્યાવરણ સંરક્ષણનો સંદેશ આપ્યો

**પરંપરાગત પ્રોટોકોલથી પર રહીને આકરી ગરમીમાં એસ.ટી. બસ મારફતે કેશરગંજ પહોંચેલા રાજ્યપાલશ્રીએ પ્રેરણાદાયી સાદગીનો પરિચય આપ્યો**









કમલમ્,

ગુજરાતના રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ સાબરકાંઠા જિલ્લાના વડાલી તાલુકાના કેશરગંજ ગામની બે દિવસીય મુલાકાતના પ્રથમ દિવસે ગ્રામીણ જનજીવન, સાદગી અને પર્યાવરણ ચેતનાનો પ્રેરણાદાયી સંદેશ આપ્યો હતો. હાલની પરિસ્થિતિ અને પર્યાવરણ પ્રત્યેની જાગૃતિને ધ્યાને રાખીને રાજ્યપાલશ્રી કોઈ પણ પ્રકારના મોટા કાફલા વિના આકરી ગરમીમાં એસ.ટી. બસમાં સામાન્ય મુસાફરની જેમ મુસાફરી કરીને ગાંધીનગરથી કેશરગંજ ખાતે પધાર્યા હતા, જે તેમના પ્રેરણાદાયી સાદગીપૂર્ણ અભિગમનો પરિચય કરાવે છે. ગામના મુખ્ય ચોક ખાતે આવી રાજ્યપાલશ્રી સ્વચ્છતા અભિયાનમાં સક્રિયપણે જોડાયા હતા. રાજ્યપાલશ્રીએ ગ્રામજનોને સ્વચ્છતાને જનઆંદોલન બનાવવા અંગે પ્રેરણાદાયી સંબોધન કરતા જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી સ્વચ્છતાનો સંદેશ ગામે ગામ પહોંચી રહ્યો છે. તેમણે ઉમેર્યું કે, સ્વચ્છતા એ તંદુરસ્ત અને ગૌરવશાળી સમાજના નિર્માણ માટેની આપણી નૈતિક ફરજ છે. દરેક નાગરિક જ્યારે પોતાના ઘરની સાથે પોતાના ગામને પણ સ્વચ્છ રાખવાનો સંકલ્પ કરશે, ત્યારે જ મહાત્મા ગાંધીજીના સ્વચ્છ ભારતના સપનાને આપણે સાચા અર્થમાં સાકાર કરી શકીશું. આ મુલાકાત દરમિયાન રાજ્યપાલશ્રીએ પર્યાવરણની જાળવણી અને ગ્રીન કવર વધારવાના ઉદ્દેશ્ય સાથે 'એક પેડ માઁ કે નામ' અભિયાન અંતર્ગત કેશરગંજ ગૌચર ભૂમિ ખાતે ગ્રામજનો સાથે વૃક્ષારોપણ કર્યું હતું. રાજ્યપાલશ્રીની આ પર્યાવરણ ચેતનાથી પ્રેરાઈને ગામના આશરે ૨૦૦ જેટલા સ્થાનિક નાગરિકો પણ આ વૃક્ષારોપણ અભિયાનમાં ઉત્સાહભેર જોડાયા હતા. સાદગી અને ઉચ્ચ વિચારોનું અનોખું ઉદાહરણ પૂરું પાડતા રાજ્યપાલશ્રીએ રાત્રિના સમયે ગામના જ અનુસૂચિત જાતિ પરિવારના પ્રગતિશીલ ખેડૂતશ્રી વણકર લવજીભાઈ લખાભાઈના નિવાસસ્થાને સાદું રાત્રિભોજન લીધું હતું. રાજ્યપાલશ્રીને પરિવારજનો દ્વારા દુધીનું શાક દાળ, રોટલી, સલાડ અને શીરાનું ભોજન પીરસવામાં આવ્યું હતુ. ભોજન દરમ્યાન રાજ્યપાલશ્રીએ પરિવારજનો સાથે વડીલ સહજ સંવાદ પણ કર્યો હતો તેમજ પરિવારના બાળકોને ભણી ગણીને શિક્ષિત બનવા પ્રેરણા આપી હતી. આ તકે જિલ્લા પંચાયત પ્રમુખશ્રી રીનાબેન પટેલ, ધારાસભ્યશ્રી રમણભાઈ વોરા, કલેક્ટર શ્રી લલિત નારાયણ સિંઘ સાંદુ, જિલ્લા વિકાસ અધિકારી શ્રી એચ. પી. પટેલ સહિત પદાધિકારીશ્રીઓ, અધિકારીશ્રીઓ તેમજ ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

